## લીંપ્યું ને ગુંપ્યું મારું આંગણું રે

(ફિલ્મઃ શેઠ શગાળશા)

લીપ્યું ને ગુંપ્યું મારું આંગણું રે,
પગલીનો પાડનાર દેજો રન્નાદે.
વાંઝિયાં મેણાં માડી દોહ્યલાં રે,
લીપ્યું ને ગુંપ્યું મારું આંગણું રે.
દળણાં દળી હું તો પરવારી રે,
ખીલડાનો ઝાલનાર ધ્યોને રન્નાદે.
વાંઝિયાં મેણાં માડી દોહ્યલાં રે,
લીપ્યું ને ગુંપ્યું મારું આંગણું રે.
રોટલા ઘડીને હું તો પરવારી રે,
ચાનકીનો માંગનાર ધ્યોને રન્નાદે.
વાંઝિયાં મેણાં માડી દોહ્યલાં રે,
લીપ્યું ને ગુંપ્યું મારું આંગણું રે.
ધોયો ધફોયો મારો સાડલો રે,
ખોળાનો ખુંદનાર ધ્યોને રન્નાદે.
વાંઝિયાં મેણાં માડી દોહ્યલાં રે,
લીપ્યું ને ગુંપ્યું મારું આંગણું રે.